## ખૂણેખાંચરેથી

- ગાંધીનગરના પૂર્વ ધારાસભ્ય અને ભાજપના અગ્રણી અશોક પટેલ અને તેમનો પરિવાર કોરોનાની ઝપટમાં આવ્યો છે.
- ૨૫-૨૬ નવેમ્બરના રોજ ગાંધીનગરમાં સ્વીકર્સ કોન્ફરન્સ યોજાશે.
- ગાંધીનગર શહેર ભાજપના પ્રમુખ તરીકે વરાયેલા રૂચિર ભટ્ટે આજે ચાર્જ સંભાળતા વિદાય લેતા મહેન્દ્રભાઈ પટેલ (દાસે) કાર્યકરોને તેમના કાર્યકાળમાં આપેલ સહકારને બિરદાવ્યો હતો એટલુ જ નહિ તેમણે કાર્યકર્તાઓને વ્હોટસએપ કરી આભાર પણ માન્યો હતો.
- રાજ્ય સરકારે આજે માર્ગ-મકાન વિભાગના ઈજનેરોની બદલીનો ગંજીફો ચીપ્યો છે.
- કલોલ-તાલુકાના નારદીપુર ગામે કાળીચૌદસના યોજાતા પરંપરાગત ગરબા નહિ યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સરપંચે પણ આ સૂચનાનો અમલ કરવા નોટીસ બોડ તેમજ ગામના અન્ય સ્થાનો પર આ અંગેની નોટીસો ચિપકાવી છે.
- ગાંધીનગર-શહેર જિલ્લામાં કોરોનાના કેસો વધી રહ્યા છે સરકાર અને સ્થાનિક તંત્ર વચ્ચે સંવાદિતા જળવાતી નથી. તેથી લોકો ચિંતાતુર બન્યા છે.
- જિલ્લામાં આજે કોરોનાના નોંધાયેલા કેસો અંગે બે વાર વિગતો જાહેર કરાયા પછી નોંધાયેલા કેસોના આંકડામાં સરકાર અને તંત્ર વચ્ચે ભિન્નતા જોવા મળી રહી છે.

# સાંતેજ શ્રમદિપ ફાર્મમાંથી દારૂની મહેફીલ માણતા ૨૦ નબીરા ઝડપાયા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના રણછોડપુરા ગામની સીમમાં આવેલા શ્રમદિપ ફાર્મ હાઉસમાંથી મોડીરાત્રે વિદેશી દારૂની મહેફીલ માણતા ૨૦ નબીરાઓને સાંતેજ પોલીસે ઝડપી પાડ્યા છે. લાઈટીંગથી સુશોભિત ગાર્ડન એરીયામાં ફુલોથી સજાવેલા ટેબલ પર શાહી મિજાજમાં નબીરાઓ દારુની મહેફીલ માણી રહ્યા હતા. નબીરાઓની ચાલી રહેલી પાર્ટીમાં પોલીસને જોતા રંગમાં ભંગ પડ્યો હતો. પોલીસે સ્થળ પરથી વોડકાની ખાલી બોટલ,વિદેશીદારુના બે ખાલી ખોખા, વિવિધ કંપનીના ૨૧ મોબાઈલ કિં.રૂ.૩.૭૩ લાખ અને ૭ મોંઘીદાટ કાર કિં.રૂ.૮૬ લાખ મળીને કુલ ૮૯.૭૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી તમામ નબીરાઓ સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.



પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ દિવાળીના પર્વને અનુલક્ષી દારૂ-જુગારની પ્રવૃતિઓ નેસ્ત નાબુદ કરવા જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાની સુચનાને પગલે પોલીસ તંત્ર કાર્યરત થઈ ગયું હતું. ત્યારે સાંતેજ પોલીસ મથકના પીઆઈ વી.એસ.માંજરીયાના માર્ગદર્શનમાં પીએસઆઈ એમ.એમ.જોશી ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા તે સમયે હેડ કોન્સ્ટેબલ વરૂણભાઈને મહેફીલ અંગે બાતમી મળી હતી. જેને અનુલક્ષી પોલીસે રાત્રીના ૧૨ વાગ્યાના અરસામાં રણછોડપુરા ગામની સીમમાં આવેલા શ્રમદિપ ફાર્મ હાઉસ ખાતે રેઈડ પાડી હતી. પોલીસને જોઈને શાંતિથી વિદેશી દારૂની મહેફીલ માણી રહેલા યુવાનોમાં નાસભાગ મચી જવા પામી હતી. જો કે પોલીસે તમામ યુવકોને પકડી પાડ્યા હતા. મહેફીલ માણતા પોલીસે પકડી પાડેલા યુવકોમાં માનુષ ઉર્ફે માનુ ગૌરાંગભાઈ દેસાઈ (ઉં.૧૯, રહે.મકાન નં.૯ પ્રતિમા સોસાયટી, નવરંગપુરા), આદિત્ય જગત પંચાલ (ઉં.૨૦, રહે. મકાન નં.૩૪ અષ્ટ વિનાયક-૩૬ સુઘડ ગામ), હસ્ત સંદિપભાઈ પટેલ (ઉં.૧૯, રહે. હસ્ત વિલા બંગ્લોઝ બોડકદેવ), યુગ તેજ રાજપુરોહિત(ઉં.૨૦, બી-૮,ગોયલ ઈન્ટરસિટી વસ્ત્રાપુર), જય તપનભાઈ પટેલ (ઉં.૧૯ રહે.૪૩ આકાંક્ષા બંગ્લોઝ હાથીજણ), દેવ શશીકાંત પટેલ (ઉં.૨૧ રહે.૧૭ હેરીટેજ હોમ્સ થલતેજ),રામ અમરતભાઈ પટેલ (ઉં.૧૯ રાંચરડા ગામ કલોલ), તિલક દર્શનભાઈ લાખાણી (ઉં.૧૯ રહે.શ્યામવિહાર બંગ્લોઝ), વંશીલ પ્રશાંત શાહ (ઉં.૧૯, રહે.૮ ઉપવન બંગ્લોઝ થલતેજ), હર્ષિલ વિપુલભાઈ શેલડીયા (ઉં.૧૯, રહે.૭ સપ્તવિલા બંગ્લોઝ થલતેજ), અભિષેક રાકેશ પટેલ (ઉં.૨૦ રહે.૩૧૧ રામદેવ વીલા સોલા), તિર્થ સુખદેવભાઈ પટેલ (ઉં.૨૦ ટાઈટેનિયમ-૧ બિલ્ડીંગની બાજુમાં બોડકદેવ), ખુશ્મ ઉમેશબાઈ પટેલ (ઉં.૧૯ રહે.૪૧ સંસ્કાર ભારતી સોસાયટી નારણપુરા), દુલાર રાજેશ પટેલ (ઉં.૧૯, રહે-૨૬ શ્યામ વિહાર બંગ્લોઝ થલતેજ), શુભ જનકભાઈ પંચોલી ( ઉં.૧૯ રહે.૪ અક્ષીની બંગ્લોઝ શીલજ) તિર્થ નરેશ પટેલ (ઉં.૨૧, રહે. એ-૪ નિરવ ફલેટસ નવરંગપુરા), આર્યમાન રાકેસ પટેલ (ઉં.૧૮ રહે ૩૧૧ રામદેવ વિલા), જય સુકેશભાઈ સરકાર (ઉં.૧૯ રહે.૨-બી. અશોક વાટીકા બોપલ-આંબલી માર્ગ), કવન મિકેશભાઈ ઉર્ફે મુન્નાભાઈ પટેલ (ઉં.૧૯ રહે. પટેલવાસ બોડકદેવ ગામ)નો સમાવેશ થાય છે. યુવકો માનુષ દેસાઈની બર્થ ડે પાર્ટી હોવાથી એકઠા થયા હતા. જયારે ઠંડીને પગલે યુવાનોએ કેમ્પ ફાયરની પણ વ્યવસ્થા કરી હતી. પોલીસે રેઈડ પાડી તે પહેલા જ માનુષે દારુ ભરેલી બે બોટલ દિવાલની બહાર ફેંકી દીધી હતી. જયારે પોલીસે ૨૧ મોબાઈલ ફોન, ૭ કાર મળી કુલ રૂ.૮૯.૭૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# દિવાળીમાં સચિવાલય સહિતની સરકારી કચેરીઓમાં 'ગીફટસ'ની બોલબાલા...!!

**અંતિમ દિવસોમાં સચિવાલય સંકુલથી માંડીને સરકારી ભવનોમાં મિઠાઈ-ડ્રાયફ્રુટસ સહિત શુભેચ્છા ભેટના પેકેટસ લઈને વ્યવહાર કરવા દોડાદોડી કરતા વ્યકિતઓ જોવા મળી રહ્યા છે વ્યવહાર કરવા આવતા મુલાકાતીઓના કારણે સરકારી કામકાજો પર પણ અસર**

ગાંધીનગર, તા.૧૧

આમ તો દિવાળી દિપ પ્રગટાવવાનો અને પરિવાર-મિત્રો-સગા સંબંધીઓ સાથે મીઠાઈઓ ખાઈને આનંદ-ઉલ્લાસ કરવાનો તહેવાર છે પરંતુ દિવાળીનું ગુજરાતના રાજકીય પાટનગર ગાંધીનગરમાં એક બીજું સ્વરૂપ પણ છે. અહીં દિવાળી 'વ્યવહારનો તહેવાર' છે જેમાં 'સાચવી લેવા' કે 'ગોઠવણ કરવા' વ્યવહાર કરવા માટે ગીફટ-મિઠાઈ-કવર હાથોહાથ પહોંચતું કરવાની બોલબાલા અગત્યની હોય છે. આ કારણથી દર વર્ષની જેમ આ વર્ષે પણ શહેરમાં નવા-જૂના સચિવાલયથી માંડીને તમામ સરકારી ભવનો સહિતની સરકારી અર્ધસરકારી કચેરીઓમાં છેલ્લા બે દિવસથી ચળકતાં રંગબેરંગી પેકિંગમાં પેક કરેલી ગીફટસ કે મિઠાઈના જથ્થાબંધ પેકેટસની હેરફેર કરતા વ્યકિતઓ વધુ જોવા મળે છે અને તેમના આ વ્યવહારના પગલે કચેરીઓના કાર્યોમાં પણ કર્મચારીઓનો જીવ ચોંટતો નથી.

> **કોરોનાની અસર 'વ્યવહારો પર નહીંવત..!!**
>
> આ વર્ષે એવું લાગતું હતું કે કોરોના કાળને લીધે પ્રવર્તી રહેલ મંદીના કારણે દિવાળીમાં ગીફટસની આપલેમાં પણ ઓટ આવશે. જો કે છેલ્લા બે દિવસથી સચિવાલય તથા કચેરીઓમાં જે રીતે આ ભેટસોગાદોની આપ-લે ના વ્યવહાર થઈ રહ્યા છે અને હજુ દિવાળીના છેલ્લા બે દિવસ કચેરીઓ ચાલુ છે. ત્યાં સુધી તેના ધસારાનો અંદાજ માંડીએ તો એવું લાગે છે કે કોરોનાની કોઈ અસર 'દિવાળીના વ્યવહારો' પર જોવા મળતી નથી અથવા નહિવત છે.

આખા વર્ષ દરમિયાન તમારે જે સરકારી કચેરીમાં કામ પડતું હોય કે તમારી ફાઈલ અટવાઈ હોય તે કચેરીના કર્મચારીઓ કે અધિકારીઓને તમારું કામ ઝડપથી પતાવે કે તેમાં કોઈ નકારાત્મક માર્કિંગના રોડાં ના નાંખે અથવા બિનજરૂરી રીતે તમારી ફાઈલ દબાવી ના રાખે અને ઝડપથી કામ પતાવી આગળ ધકેલે તે માટે જેને અધિકારી કે તેમના સ્ટાફને 'સાચવી લેવા'નો ઉત્તમ સમય દિવાળી ગણાય છે. તમારું કામ ભલે ગમે તેટલું વ્યાજબી અને કાયદેસરનું હોય પરંતુ જો તમે આ દિવાળીએ સાચવી લેવાનો 'વ્યવહાર' નહીં કર્યો હોય તો શકય છે કે નૂતન વર્ષે તમારે તે કચેરીના વધુ ધરમ ધક્કા ખાવાના આવે. વળી, જો તમે રાજકીય રીતે કારકિર્દી બનાવવા મથતા હોય અથવા કોઈ નાનુ-મોટું પદ ધરાવતા હોય તો તમે તેમાં આગળ વધવામાં મદદ માટે સંબંધ સાચવવા પણ સંબંધિત મંત્રીઓ કે અધિકારીઓને સાચવવા દિવાળી વ્યવહાર કરવો જરુરી હોય છે. આ 'વ્યવહાર' બહારથી તો ગીફટસ મિઠાઈના બોકસથી દેખાય છે પરંતુ કયારેક તેમાં 'કવર'નું તત્વ પણ ઉમેરાતું હોય છે. જેનો વ્યવહાર ખાનગી રીતે કરવામાં આવતો હોય છે જે માટે પણ દિવાળી પરફેકટ સમય ગણાય છે. અત્યારે ગાંધીનગરના જૂના અને નવા સચિવાલયોથી માંડીને વિવિધ ભવનો જેવા કે ઉદ્યોગ ભવન, કૃષિ ભવન, નિર્માણ ભવન, કર્મયોગી ભવન સહિત અનેક સરકારી અર્ધસરકારી કચેરીઓમાં દિવાળીની ગીફટસ મિઠાઈના આકર્ષક પેકેટસ લઈને ફરતા વ્યકિતઓ સૌથી વધુ જોવા મળી રહ્યા છે. કયાંક કોઈ કચેરીમાં તમામ સ્ટાફને ફાળે પેકેટસ આવે છે જયારે તો કોઈ કચેરીમાં અમુક તમુકને જ આ સુખ પ્રાપ્ત થાય છે. હવે તો મિઠાઈના સ્થાને ડ્રાયફ્રુટસ કે ચોકલેટસ વગેરેની પણ બોલબાલા વધી જવા પામી છે. આ પેકેટસ પર ઘણી વાર દિવાળી કાર્ડ કે સાથે ફુલોના બુકે વગેરે પણ જોવા મળે છે.


## ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા

વર્ષ - ૨૦૨૦-૨૦૨૧

**ગાંધીનગર સ્માર્ટ સિટી ડેવલોપમેન્ટ લી.**

ગાંધીનગર મહાનગરપાલિકા

બહુમાળી ભવન, બી-બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે ગાંધીનગર સ્માર્ટ સીટી ડેવલોપમેન્ટ લીમીટેડ અંતર્ગત ગાંધીનગર સેક્ટર-૨૧ ખાતે સરકારી જીલ્લા પુસ્તકાલય (સ્ટાર્ટ અપ નોલેજ એન્ડ ફરી લાન્સીંગ સેન્ટર) બનાવવાની કામગીરી માટેનું ટેન્ડર એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટે.નં. | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
|---|---|---|---|
| GSCDL 18-INFRA-2020/21 | "Start up knowledge and free lancing Center (Design and Construction of Library Building in Sector-21 in Gandhinagar City" | રૂ. ૧૮,૦૦૦/- | રૂ. ૧૪,૮૦,૦૦૦/- |

ટેન્ડર ફોર્મ તા.૧૨/૧૧/૨૦૨૦થી તા. ૩/૧૨/૨૦૨૦ સુધી સમય ૧૮:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ભરી શકાશે. પ્રિ બીડ મીટીંગ તા. ૨૫/૧૧/૨૦૨૦ના રોજ રાખવામાં આવેલ છે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના કોઈપણ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી www.nprocure.com પર મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ સી.ઈ.ઓ. ગાંધીનગર સ્માર્ટ સીટી ડેવલોપમેન્ટ લી., ગાંધીનગરના નામે તા. ૧૦/૧૨/૨૦૨૦ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીએ રજીસ્ટર પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ટેકનીકલ ઓફર ઓપનીંગ તા. ૧૦/૧૨/૨૦૨૦ના રોજ ૧૭:૩૦ કલાકે કરવામાં આવશે.

સ્થળ : ગાંધીનગર
તા. ૧૨/૧૧/૨૦૨૦
માહિતી/૧૨૭૩/૨૦-૨૧

સહી/-
મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર અને ચેરમેન
ગાંધીનગર સમાર્ટ સીટી ડેવલોપમેન્ટ લીમીટેડ


